# સાબરકાંઠા-બનાસકાંઠામાં બંધને મિશ્ર પ્રતિસાદ

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ૭માંથી ૬ ધારાસભ્યો કોંગ્રેસના હોવા છતાં બંધ નિષ્ફળ : જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સામે નારાજગીના કારણે એક પણ કાર્યકર ફરક્યો નહીં : તમામ મથકો પર શાળા-કોલેજો અને બજારો આખો દિવસ રાબેતા મુજબ



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



હિંમતનગર, તા. ૬

ગુજરાતમાં મોદીની ભાજપ સરકાર હત્યારી અને ભ્ષ્ટાચારી છે માટે આ સરકારને સત્તા ઉપર રહેવાનો કોઈ જ અધિકાર નથી તેવી માંગ સામે કોગ્રેસે શુક્રવારે ગુજરાત બંધનું એલાન આપ્યું હતું સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વિધાસભાની ૭માંથી ૬ સીટો કોગ્રેસ પાસે હોવા છતાં બંધને ભારે નિષ્ફળતા મળી હતી. હિંમતનગર અને મોડાસા સહીત જિલ્લાના તમામ મથકો ઉપર શાળા-કોલેજો સહીત બજારો રાબેતા મુજબ ચાલુ રહયા હતા. બંધની રોજીદા જન જીવન ઉપર કોઈ જ અસર પડી ન હતી. જિલ્લા કોગ્રેસ -મુખ ડાહ્યાભાઈ પટેલની નિતિ-રિતિઓ સામે કોગ્રેસના કાર્યકરોમાં ભારે રોષ છે જેની અસર બંધના એલાનમાં જોવા મળી હતી. બંધને સફળ બનાવવા એક પણ કાર્યકર ફરકયો ન હતો. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જિલ્લા સમાહર્તા બંછાનિધિ પાની અને જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાએ અસરકારક અયોજન કર્યુ હતું. જેના કારણે બંધ દરમિયાન એકપણ અનિચ્છનિય બનાવ બન્યો ન હતો.

રાજયમાં છેલ્લા દસ વર્ષમાં રાજકીય હત્યાઓ અને ભ્રસ્ટાચારે માજા મૂકી છે. સરકારના ફરજી એન્કાઉન્ટરમાં જેલ ભોગવી રહેલા આઈપીએસ અધિકારી ડી.જી. વણજારાએ સરકારની પોલ ખોલી નાખી છે ત્યારે આ સરકારને એક પણ દિવસ સત્તામાં રહેવાનો અધિકાર નથી તેવી માગણી સાથે -દેશ કોગ્રેસ દ્વારા શુક્રવારે ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યું હતું બંધને સફળ બનાવવા માટે જિલ્લા કોગ્રેસ -મુખોને તાકીદ કરવામાં આવી હતી.છતાં સાબરકાંઠા જિલ્લામાં બંધના એલાનનો ફિયાસકો થયો હતો. જિલ્લામાં ૭ વિધાનસભા બેઠકોમાંથી ૬ બેઠકો કોગ્રેસ પાસે હોવા છતાં કોગ્રેસ બંધને સફળ સાબિત કરવામાં નિષ્ફળ સાબિત થઈ હતી.

જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર અને મોડાસા સહિત તમામ મથકો ઉપર શૈક્ષિણક સંસ્થાઓ રાબેતા મુજબ ચાલુ રહી હતી. બજારો અને ઔધિકગિક એકો પણ ધમધમતા રહયા હતા. જનજીવન ઉપર પણ બંધની કોઈ જ અસર જોવા મળી ન હતી. જિલ્લાના જુદા-જુદા મથકો ઉપરથી ૩૦૦ જેટલા કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી. આમ કોગ્રેસ -રિત બંધ ફર્લાપ શો સાબિત થયો હતો.

**● પ્રાંતિજમાં બંધનું એલાન આંશિક સફળ**

પ્રાંતિજમાં કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલ બંધના એલાનના પગલે બંધને સફળ બનાવવા માટે સવારથી જ કોંગ્રેસ કાર્યકરો બજાર બંધ કરવામાં ઉમટી પડ્યા હતા જ્યારે પ્રાંતિજના સ્થાનિક ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા પણ કોંગ્રેસ કાર્યકરો સાથે બજાર બંધ કરાવવા નિકળ્યા હતા. જ્યાં પોલીસે ધારાસભ્ય સહિત કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

**● ખેડબ્રહ્મામાં ગુજરાત બંધનું એલાન અસફળ**

ગુજરાતની મોદી સરકારને હટાવવાની માંગ સાથે કોંગ્રેસ દ્વારા ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યું હતું. આ બંધને ખેડબ્રહ્મામાં અંશતઃ સફળતા મળી હતી.

ખેડબ્રહ્મા સરદાર પટેલ રોડ સિવીલ રોડ, લક્ષ્મીપુરા ચાર રસ્તા, સરદાર ચોક, બસ સ્ટોપ, એસ.એસ. માર્કેટ સહીતના બજારો રાબેતા મુજબના શરુ રહ્યા હતા. જયારે સ્ટેશન રોડ ઉપર સોની બજાર અને મીઠાઈની દુકાન ખોલી હતી જેને કોંગ્રેસના કાર્યકરોએ બંધ કરાવી હતી. શહેરમાં સ્થિત શાળા કોલેજો બેંકો ખુલી રહી હતી. સરકારમાં બંધને પગલે કલમ ૧૪૪ અને ૧૮૮નો લોકોમાં કાલ્પનિક ભય ઉભો કર્યો છે.

**● ધનસુરામાં બંધ અસર કોઈ નહીં**

ગુજરાતમાં મોદી સરકારને હટાવવાની માંગ સાથે કોંગ્રેસ દ્વારા ગુજરાત બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ધનસુરામાં નબળો પ્રતિસાદ જોવા મળ્યો હતો. તમામ બજારો ગલ્લા-ખુલ્લાં રહ્યા હતા. તમામ શૈક્ષણિક સંસ્થાઓ કોલેજનું શૈક્ષણિક કાર્ય ચાલુ રહ્યું હતું. ચાની લારીઓ ચાલુ રહી હતી. ધનસુરા વિસ્તાર તથા ગ્રામ્યવિસ્તારમાં કોઈ અસર જણાતી નહોતી.

**● ડીસા અને થરાદમાં ગુજરાત બંધને મિશ્ર પ્રતિસાદ**

સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં છેલ્લા ઘણા સમયથી સાબરમતી જેલમાં બંધ એ.ડી. ડી.જી.પી. વણઝારાએ રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સામે આક્ષેપો કરતા પત્ર અને રાજીનામાને લઈ કોંગ્રેસ મોદી પર પસ્તાળ પાડી રહી છે અને રાજયના વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે ગુજરાત બંધનું એલાન આપ્યું હતું. જેમાં બનાસકાંઠા જિલ્લામાં બંધનો મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો.

ડીસા શહેરમાં સવારે કોંગ્રેસ કાર્યકરો દુકાનો બંધ કરાવવા માટે નિકળ્યા હતા. કોંગ્રેસ અગ્રણીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. જેમાં કેટલાકને પાલનપુર ખાતે લઈ જવામાં આવ્યા હતા જયારે થરાદ પોલીસ દ્વારા પણ કોંગ્રેસ અગ્રણીઓની ધરપકડ કરવામાં આવી હતી. જો કે સવારમાં કેટલીક દુકાનો બંધ રહી હતી બાદમાં દિવસભર બજાર ધમધમતું રહ્યું હતું. આમ ડીસા અને થરાદ શહેરમાં ગુજરાત બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો. ડીસા શહેરમાં હાઈ-વે વિસ્તારમાં કેટલાક ઈસમોએ ટાયર સળગાવતા દોડધામ મચવા પામી હતી. જો કે ગુજરાત બંધના એલાન દરમિયાન સલામતીના ભાગરૂપે ગૃહ વિભાગ દ્વારા પોલીસના ધાડેધાડા ખડકી દેવામાં આવ્યા હતા. બંધના એલાનના પગલે એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં દિવસ પસાર થતા પોલીસ વિભાગે રાહતનો દમ લીધો હતો.

**● પાલનપુરમાં ફીકુ ફીકુ બંધનું એલાન**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે આપવામાં આવેલ બંધનું એલાનના પગલે સરહદી બનાસકાંઠા જિલ્લામાં બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો હતો. પાલનપુરમાં સ્થિત સંજયચોક વિસ્તારમાં કોંગ્રેસ કાર્યકરો દ્વારા આજે રાજયના મુખ્યમંત્રીના પુતળાદહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પરંતુ પુતળાદહનના કાર્યક્રમને પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો. જ્યારે કેટલાક વિસ્તારોમાં કોંગ્રેસ કાર્યકરોએ વાહનોને અટકાવી ટાયરમાંથી હવા કાઢી નાખી હતી અને કેટલાક વિસ્તારોમાં જૂના ટાયરો પણ સળગાવ્યા હતા જ્યારે કેટલીક શાળા કોલેજોને બંધ કરાવવાનો પ્રયાસ પણ કર્યો હતો પરંતુ તેમ છતાં બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.

**● તલોદમાં 'બંધ' અડધું પડધું રહ્યું**

ગુજરાત કોંગ્રેસ દ્વારા અપાયેલા શુક્રવારના ગુજરાત બંધના એલાનના પડઘા તલોદમાં અડધા પડધા પડ્યા હતા. સવારથી જ કામ ધંધે લાગી ગયેલા લોકોને બપોર પછી કોંગ્રેસના કાર્યકરોએ બંધ પાડવાની ફરજ પાડતા લોકોએ બપોર પછી બંધને અપનાવ્યો હતો. જો કે શાળા - કોલેજોમાં પણ ફીફટી - ફીફટી અસર રહી હતી. ગુજરાત બંધની કોંગ્રેસની હાંકલને તલોદના વેપારી વર્ગે શરૂઆતમાં ગણકારી ન હતી. સવારથી જ દુકાનો અને બજારમાં નિયમ મુજબની કામગીરી શરૂ થઈ ગઈ હતી. જેમાં સવારે કોંગ્રેસના કાર્યકરો સુભાષ ચોક એકઠા થિ બંધને સફળ બનાવવા પ્રયાસ શરૂ કરવાના હતા. જ્યો પોલીસે તમામની અટકાયત કરી પોલીસ સ્ટેશને બેસાડી દીધા હતા.

**● મહેસાણામાં બંધનું એલાન અસફળ**

કોંગ્રેસ દ્વારા ગુજરાત બંધના અપાયેલા એલાન મુજબ આજે મહેસાણા જિલ્લામાં બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. બંધના એલાનને પગલે આજે સવારે મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય બળદેવજી ઠાકોરના નેતૃત્વ હેઠળ પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલ, સાગર રાયકા તેમજ અન્ય કાર્યકરો સવારના સમયે બજારમાં નીકળ્યા હતા અને બજારો બંધ રાખવા દુકાનદારો, વેપારીઓને અપીલ કરી હતી. આ સમયે જ પોલીસે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સહિત ૪૦ થી ૪૦ આગેવાનો કાર્યકરોની અટકાયત કરી હતી. બાદ શહેરમાં મોટાભાગની દુકાનો ખુલી ગઈ હતી અને બંધને સાવ નબળો પ્રતિસાદ મળ્યો હતો. દરમિયાન બંધના પૂર્વે શહેરના તોરણવાળી માતાના ચોકમાં પૂતળા દહનનો કાર્યક્રમ યોજાય તે અગાઉ જ પોલીસે પૂતળું લઈ લેતાં કોંગ્રેસના આગેવાનો અને પોલીસ વચ્ચે તુંતું.. મેં..મેં.. થઈ હતી. આ અંગે જાહેરનામાના ભંગ બદલ પોલીસે ૧૬ જેટલા કાર્યકરોની ધરપકડ કરી હતી. જિલ્લામાં મહેસાણા, ઊંઝા, વડનગર, વિસનગર, કડી વગેરે સ્થળોએ રાબેતા મુજબ બજારો ચાલુ રહેતાં બંધની અસર વર્તાઈ ન હતી. જિલ્લાના ખેરાળુંમાં બંધની અસર જણાઈ હતી. જ્યારે વિજાપુરમાં આંશિક બંધ પળાયો હતો. જિલ્લામાં એસ.ટી. બસ વ્યવહાર પણ રાબેતા મુજબ ચાલું રહ્યો હતો. પરંતુ બંધને લીધે બસોમાં મુસાફરોની સંખ્યા ઓછી જોવા મળી હતી.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## કાયદો વ્યવસ્થા જાણવવા વહિવટી તંત્ર ખડે પગે

કોગ્રેસ દ્વારા શુક્રવારે આપેલા બંધના એલાન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા જિલ્લા કલેકટર બંછાનિધિ પાની અને જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાની રાહબરી અને સીધી દેખરેખ હેઠળ હિંમતનગર -ાંત અધિકારી રીકેશ પટેલ, મામલતદાર અરવિંદ પટેલ અને નાયબ મામલતદાર દેવેશ પટેલ સહિત અધિકારીઓ અને પોલીસ અધિકારીઓએ ચુસ્ત પોલીસ બંધોબસ્ત ગોઠવ્યો હતો. જેના કારણે જિલ્લામાં બંધ દરમિયાન કોઈ અનિચ્છનિય ઘટના ઘટી ન હતી. જુદા-જુદા મથકો ઉપર બજારો બંધ કરાવવા નિકળેલા સેંકડો કાર્યકરોની અટકાત કરવામાં આવી હતી.

## બંધ દરમિયાન કોગ્રેસના હોદેદારોના જ ધંધા રોજગાર ચાલુ હતા

કોગ્રેસ દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું ત્યારે નવાઈની વાત તો એ છે કે હિંમતનગર, ઈડર અને મોડાસામાં કોગ્રેસના જ હોદેદારોના અને તેમના કુટુંબિજનોના ધંધારોજગાર ચાલુ જોતાં લોકોને નવાઈ લાગી હતી. હિંમતનગરમાં કોગ્રેસના એક હોદેદાર બજાર બંધ કરવવા નીકળયા હતા. જયારે તેમની ઓફિસ ધમધમતી હતી. જિલ્લા કોગ્રેસ -મુખ ડાહ્યાભાઈ પટેલ સામે કાર્યકરોમાં ભારે નારાજગીને લઈ કાર્યકરોએ બંધને સફળ બનાવવા કોઈ જ -યાસ કર્યો હોય તેવું જણાતું ન હતું.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)